S.2

[A-23-G] Seat No: ___________ No. of printed pages: 02

**SARDAR PATEL UNIVERSITY**
**F. Y. B. Com (External) Examination**
**Friday, 4th May, 2018**
**2.00 - 5.00 pm**
**AA-101 – ADVANCED ACCOUNTING & AUDITING- I**

કુલ ગુણ : ૧૦૦

નોંધઃ જમણી બાજુના આંકડા પ્રશ્નપત્રના પૂર્ણ ગુણ દર્શાવે છે.

પ્ર.૧ ટૂંકનોંધ લખો. (૨૦)
(અ) ટ્રેઝરી (બ) જાહેર હિસાબ સમિતિ

અથવા

પ્ર.૧ ભારતમાં કૃષિના હિસાબોનું મહત્વ સમજાવો. (૨૦)

પ્ર.૨ ૧લી એપ્રિલ ૨૦૦૮ના રોજ **અ** કંપની એ **બ** કંપની પાસેથી એક યંત્ર ભાડા ખરીદ પધ્ધતિથી ખરીદ્યું. આ યંત્રની રોકડ કિંમત રૂા. ૨૯૯૦૦ છે. કરાર વખતે રૂા. ૮૦૦૦ ચૂકવવાના છે. જ્યારે વાર્ષિક રૂા. ૮૦૦૦ના ત્રણ હપ્તા ચૂકવવાના છે. યંત્ર પર દર વર્ષે ૧૦ % લેખે ઘટતી જતી બાકીની પધ્ધતિથી ઘસારાની જોગવાઇ કરવામાં આવે છે. (૨૦)
**અ** કંપનીની ચોપડામાં યંત્ર ખાતું તથા **બ** કંપનીનું ખાતું તૈયાર કરો.

અથવા

પ્ર.૨ મુંબઇના નપૂર બ્રધર્સ રૂા. ૨૦૦૦૦ની કિંમતનો માલ અમદવાદની અનિલ એન્ડ કંપની પર વેચવા મોકલ્યો અને માલની પડતર કિંમત પર ૨૫ % ચઢાવીને કાચું ભરિતિયું બનાવ્યું. માલ મોકલતા નપૂર બ્રધર્સે નૂર અને ગાડી ભાડાના રૂા. ૮૦૦ અને વીમાના રૂા. ૨૦૦ ચૂકવ્યા. અનિલ એન્ડ કંપનીએ નપૂર બ્રધર્સની લખેલી ૬૦૦૦ની હૂંડી સ્વીકારી જે નપૂર બ્રધર્સે રૂા. ૫૮૦૦ માં બેંકમાં વટાવી. (૨૦)
નપૂર બ્રધર્સને વેચાણ આંકડો મળ્યો. જે મુજબ રૂા. ૧૮૭૫૦ ની ભરતીયા કિંમતનો માલ રૂા. ૨૦૦૦૦ માં વેચ્યો હતો. અનિલ એન્ડ કંપનીએ રૂા. ૫૦૦ મજૂરી અને ગાડીભાડાના ચૂકવ્યા હતાં. તેમને કુલ વેચાણ પર ૫ % કમિશન અને ભરતિયા કિંમતથી વધુ કિંમતે વેચેલ માલના ૧૦ % કમિશન આપવાનું છે. અનિલ એન્ડ કંપનીએ વેચાયા વિનાના માલ અંગે પ્રમાણસર ડીપોઝીટ રાખી બાકીની રકમનો ચૂકતેનો બેંક ડ્રાફટ મોકલ્યો.
બને પક્ષકારોના ચોપડે જરૂરી ખાતા બનાવો.

પ્ર.૩ **અ** અને **બ** બન્ને એક સહિયારા વેપારમાં નફાના સરખા ભાગની શરતે જોડાયા. સહિયારા વેપારમાં નીચે મુજબના વ્યવહારો થયા. (૨૦)
**અ** એ રૂા. ૭૬૦૦૦નો માલ ખરીદ કર્યો. જેના પર તેણે નૂર તથા ખર્ચના રૂા. ૪૦૦૦ આપ્યા.
**બ** એ રૂા. ૨૫૦૦૦નો માલ પોતાના સ્ટોકમાંથી આપ્યો અને તે અંગે ગાડી ભાડાના રૂા. ૫૦૦ ચૂકવ્યા.
**બ** એ કેટલોક માલ વેચાણ કમીશનના રૂા. ૨૦૦૦ આપી રૂા. ૮૦૦૦૦માં વેચ્યો.
**અ** એ વખાર ભાડાના તથા પરચૂરણ ખર્ચના રૂા. ૧૦૦૦ આપ્યા. **અ** એ બાકીનો માલ રૂા. ૪૬૫૦૦ માં વેચ્યો અને ગાડીભાડાના રૂા. ૪૦૦૦ રોકડા આપ્યા. જરૂરી ખાતા બનાવો.

અથવા

પ્ર.૩ ટૂંકનોંધ લખો. (૨૦)
(૧) સરેરાશ કલમ (૨) પારિણાત્મક નફા-નુકશાનની પોલીસી

પ્ર.૪ સુનિલ શાસ્ત્રી પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિ પ્રમાણે રાખે છે. નીચેની વિગતો પરથી તા. ૩૧.૩.૧૦ ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર ખાતું નફાનુકશાન ખાતું તથા તે જ તારીખનું પાકુ સરવૈયુ તૈયાર કરો. (૨૦)

**રોકડમેળનો સારાંશ**

| | | | |
|---|---|---|---|
| હાથ પર સિલક (૦૧-૦૪-૧૦) | ૪૮૦૦ | રોકડ ખરીદી | ૭૫૦૦ |
| દેવાદારો પાસેથી મળ્યાં | ૧૧૦૦૦૦ | પગાર | ૧૩૫૦૦ |
| રોકડ વેચાણ | ૯૦૦૦ | મજૂરી | ૬૨૫૦ |
| પ. આવક | ૧૩૫૦ | સામાન્ય ખર્ચ | ૩૮૦૦ |
| લેણદારોને ચૂકવ્યા | ૬૮૦૦૦ | ઉપાડ | ૫૦૦૦ |

**મિલ્કતો દેવાંની વિગતો**

| વિગત | ૦૧-૦૪-૦૯ | ૩૧-૦૩-૧૦ |
|---|---|---|
| મકાન | ૧૮૦૦૦ | ૨૫૦૦૦ |
| ફર્નીચર | ૪૫૦૦ | ૩૦૦૦ |
| યંત્રો | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| દેવાદારો | ૩૨૦૦૦ | ૨૮૦૦૦ |
| લેણદારો | ૧૩૦૦૦ | ૨૧૦૦૦ |
| સ્ટોક | ૨૦૫૦૦ | ૨૬૫૦૦ |

વર્ષ દરમિયાન રૂા. ૧૬૦૦નો વટાવ આપવામાં આવ્યો. જયારે રૂા. ૯૦૦ નો વટાવ મળેલ રૂા. ૪૦૦ નો વેચેલ માલ પરત આપ્યો હતો. તેણે રૂા. ૧૦૦૦ નો ખરીદેલો માલ પાછો મોકલી આપ્યો. મકાન તથા ફર્નિચર પર રૂા. ૧૫૦૦ અને રૂા. ૩૦૦ ઘસારો ગણો. દેવાદારો પર ૫ % ઘાલખાધ અનામત રાખો. મૂડી પર ૫ % વ્યાજ ગણો.

**અથવા**

પ્ર.૪ તફાવત લખો. (૨૦)

(અ) રાશ અને આડતમાલ

(બ) એકનોંધી હિસાબી પધ્ધતિ અને દ્વિનોંધી હિસાબી પધ્ધતિ

પ્ર.૫ સુરતના સંધ્યા સ્ટોર નડીયાદના નીલમ સ્ટોરને માલની મૂળકિંમત પર ૨૫ % નફો ચઢાવીને માલ મોકલે છે. નીચેની વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં શાખા ખાતું તથા નડીયાદ શાખાનું વેપાર અને નફા-નુકશાન ખાતું તૈયાર કરો. (૨૦)

| | | |
|---|---|---|
| શાખાનો સ્ટોક (૧.૪.૧૦) | | ૪૦૦૦ |
| શાખાના દેવાદારો (૧.૪.૧૦) | | ૬૦૦૦ |
| શાખાની પેટારોકડ (૧.૪.૧૦) | | ૧૦૦ |
| મુ. ઓ. મળેલ માલ | | ૭૦૦૦૦ |
| મુ. ઓ. ને પરત માલ | | ૧૦૦૦૦ |
| **મુખ્ય ઓફિસને મોકલેલ રોકડ** | | |
| રોકડ વેચાણ | | ૨૦૦૦૦ |
| દેવાદારો પાસેથી મળયાં | | ૪૨૦૦૦ |
| ઘાલખાધ પરત | | ૧૦૦ |
| **શાખાને ખર્ચા માટે મોકલેલ રોકડ** | | |
| પગાર | ૨૪૦૦ | |
| ભાડુ + વેરા | ૫૦૦ | |
| પેટા રોકડ | ૧૮૦ | |
| | | ૩૦૮૦ |
| શાખાનો સ્ટોક (૩૧.૩.૧૧) | | ૮૦૦૦ |
| શાખાના દેવાદારો (૩૧.૩.૧૧) | | ૯૬૦૦ |
| શાખાનો પેટારોકડ (૩૧.૩.૧૧) | | ૪૦ |

**અથવા**

પ્ર.૫ ટૂંકનોંધ લખો. (૨૦)

(અ) માર્ગસ્થમાલ અને માર્ગસ્થરોકડ

(બ) શાખા ખાતું